અમદાવાદના વીશાશ્રીમાળી શ્રાવક

થરાદીઆની

ન્યાતના ધારા.

ન્યાત તરફથી

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શેઠ હર્ષદરાય બાલુભાઈ.

અમદાવાદ.

આવૃત્તિ પહેલી. પ્રત ૧૫૦

અમદાવાદ.

ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રિન્ટીંગ પ્રેસમાં

પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યા.

સંવત ૧૯૬૯. સને ૧૯૧૩.

કીંમત મફત.

અમદાવાદના વીશાશ્રીમાળી થરાદીઆની
ન્યાતના ધારા.

વીવાહ સંબંધી.

૧. ન્યાતમાં વેવીશાળ કરતી વખતે ન્યાતના ગોરને બોલાવવો અને તે બદલ ગોરને દસ આના કન્યાવાળા આપે અને દસ આના વરવાળા આપે. ગોર હાજર ન હોય તોપણ વેવીશાળ કરીને બન્ને જણ શેઠને ત્યાં નોંધ કરાવે અને વરકન્યા-વાળા બન્ને જણ રૂપીઆ અઢી અઢી મળી રૂ. ૫) ન્યાતના કેળવણી ખાતામાં આપે.

૨. કોઇ પણ વેવીશાળ ન્યાતના શેઠને ત્યાં નોંધાએલું નહિ હોય તો તે સગપણની તકરાર બદલ ન્યાત જવાબદાર નથી.

૩. વેવીશાળ કરતી વખતે પૈસા અગર શ્રીફળ આપવાં નહિ. રૂપીઓ ને શ્રીફળ કન્યાવાળા વરવાળાને આપે. વીવાહના ચાંલ્લા થતી વખતે એક ચીઠ્ઠી લખવી તેમાં વરનું તથા કન્યાનું તથા બંનેના બાપનાં નામ લખવાં, તથા પલ્લાનો આંક તથા ચાંલ્લા કર્યાની તારીખ લખવી. વર તથા કન્યાવાળાએ તે ચીઠ્ઠીમાં સહીઓ કરવી અને તે ચીઠ્ઠીની ન્યાતમાં નોંધ કરાવવી તથા વીવાહ કર્યા સંબંધી બીજી બે ચીઠ્ઠીઓ લખાવવી અને તે પૈકી વરવાળાને તથા કન્યાવાળાને આમણ સામણ સહીઓની ચીઠ્ઠીઓ આપવી.

૪. પલ્લું રૂ. ૫૦૧) કરવું–તેથી કોઇ વધારે ઓછું કરે નહિ અને કરે તો ન્યાતના ગુન્હેગાર થાય.

૫. અમદાવાદનો કોઇ રહીશ બહાર ગામ જઇ પોતાનો અગર પોતાના દીકરાનો અગર દીકરીનો વીવાહ તે ગામના રીવાજ મુજબ તે ગામમાં કરે તે મંજુર ગણાશે પણ તેણે અમદા-વાદમાં વેવીશાળ કરવાનો લાગો આપી વેવીશાળ નોંધાવવું પડશે.

૬. ન્યાતની કન્યા પરન્યાતમાં આપશે તે ન્યાતનો મોટો ગુન્હેગાર થશે.

૭. વીવાહ કર્યા પછી જમાઇને પહેલવહેલો તેડે ત્યારે રૂ. ૨) તથા શ્રીફળ એક આપવું. જમાઈની સાથે જમવા આવનારને કાંઇ પણ આપવું નહિ. તે શિવાય વરકન્યા પરણતાં સુધીમાં કન્યાવાળાને ત્યાં ધર્મ પ્રસંગનું અગર લગ્નનું અગર બીજું ટાણું આવે તો કન્યાવાળો પોતાના જમાઇને રૂ. ૧૫) સુધી આપે.

૮. વીવાહ કર્યા પછી વરવાળો કન્યાને પહેલવહેલી તેડે ત્યારે રૂ. ૧) તથા મીઠાઇ રૂ. ૧)ની આપે. કન્યાની સાથે આવનારને કાંઇ પણ આપવું નહિ. તે શિવાય વરકન્યા પરણતાં સુધીમાં વરવાળાને ત્યાં ધર્મ પ્રસંગનું અગર લગ્નનું બીજું ટાણું આવે તો તેવે પ્રસંગે વરવાળા કન્યાને રૂ. ૧૧) સુધી આપે.

૯. દીવાળીના પ્રસંગે કન્યાવાળા વરવાળાને ત્યાં ખાવાનું આપે અને વરવાળા કન્યાવાળાને ત્યાં આપે અને તે વખતે આપવા આવનારને ચાર ટકાથી બીલકુલ વધારે આપે નહિ. આ વરવાળા તથા કન્યાવાળા બન્નેને માટે સમજવું.

૧૦. વરવાળાએ કન્યાને દીવાળીમાં જમવા તેડવી અને પહેલી દીવાળીએ રૂ. ૫–૪–૦ નાં કપડાં આપવાં. અને આ દીવાળીના પ્રસંગથી તે લગ્ન થતાં સુધીમાં રમતાનાં કપડાં રૂ. ૧૫) નાં એકી વખતે કરવાં અને તે અપાયાં ન હોય તો લગ્ન વખતે રૂ. ૧૫) રોકડા આપવા.

ગવરાવવા સંબંધી.

૧. લગ્નમાં ગવરાવવાના પ્રસંગે હાલમાં જે પતાસાં આપવાનો રીવાજ છે તેને બદલે દરેક માણસે બે રમકડાં આપવાં તેથી વધારે આપવાં નહિ.

મોસાળું.

૧. લગ્નમાં મોસાળાનો ચાંલ્લો કરવા જાય તેમને ચાંલ્લાના રૂપી-આના ટકા આપવા અને તે શિવાય ટકા યા શ્રીફળ બે સાથે આવેલાં–માણુસોને આપવા, તેથી વધારે કાંઇ આપવું નહિ.

લગ્ન સંબંધી.

૧. વરવાળા જાન લઇને જાય ત્યારે શહેરમાં વરઘોડો ચઢાવે તે પ્રસંગે પૈસા વહેંચવા નહિ.

૨. વરવાળાને ત્યાં કન્યાવાળા તરફથી લગ્નીઆ જમવા જાય છે તેની સંખ્યા ૧૧ રાખવી, તેથી વધારે જાય નહિ. લગ્નીઆને કાંઇ આપવું નહિ પણ લગ્નપડો લઇને આવનારને રૂ. ૧) આપવો.

૩. વરઘોડામાં વરના ઘોડા શિવાય બીજા કોઈ ઘોડાપર બેસવાના સાબેલા કરવા નહિ.

૪. કન્યાવાળાએ વરવાળાને વરઘોડામાં આવેલા માણુસોને વરઘોડાના પૈસા અગર શ્રીફળ આપવા બદલ રૂ. ૨૫) આપવા તેથી વધતા ઓછા આપવા નહિ.

૫. વરવાળાએ વરઘોડામાં આવેલાં માણુસોને શ્રીફળ અથવા ટકા બેથી વધારે આપવા નહિ. વરઘોડામાં નહિ આવેલા માણુસોના માગ્યા પૈસા કે શ્રીફળ આપવાં નહિ. તેમજ કન્યાવાળાએ પરણાવવાના બેથી વધારે શ્રીફળ અગર ટકા બેથી કોઇને વધારે આપવા નહિ. વરવાળાએ તથા કન્યાવાળાએ પોતાના જમાઇને શ્રીફળ અગર ટકા ૭) થી વધારે આપવા નહિ.

૬. ન્યાતના દાપાના પરણુતી વખતે ચોરીમાં વરવાળા તરફથી રૂ. ૩ાા તથા કન્યાવાળાના તરફથી રૂ. ૩ાા મળી કુલ રૂ. ૭) આપવા. પરણુતી વખતે ચોરીમાં પરણાવવાના ગોરના દાપાના

વરવાળા તરફથી રૂ. ૨ાા≈ તથા કન્યાવાળા તરફથી રૂ. ૨ાા≈ મળી કુલ રૂ. પા ગોરને આપવા.

૭. લગ્ન પ્રસંગે કેળવણી ફંડમાં વરવાળા તરફથી રૂ. ૧૫) તથા કન્યાવાળા તરફથી રૂ. ૧૦) આપે. ઠરાવેલી રકમ ઉપરાંત કોઈને વધારે આપવાની મરજી હોય તો તેની છુટ છે.

૮. અમદાવાદથી બહાર ગામ વર પરણવા જાય અગર બહાર ગામથી અમદાવાદમાં વર પરણવા આવે, અગર કન્યાવાળા કન્યા પરણાવવા આવે તેમને ઉપરના કેળવણી ફંડની રકમ લાગુ પડે છે. વરવાળા તરફથી કન્યાને છાબમાં સાડી ૧ તથા રેશમી ઘાઘરો ૧ તથા ખંડ તથા કોથળી તથા વાણીઓ તથા દાબડીઓ વીગેરે જે આપવામાં આવે છે તે સર્વે ચીજો રૂ. ૭૫) ની કીંમતની આપવી. ને તેથી વધારે કીંમતની કોઈએ આપવી નહિ તેમ કન્યાવાળાએ માગવી નહિ. અને જો કોઈ વરવાળા રોકડા આપશે અથવા કન્યાવાળા માગશે તો તે ન્યાતના ગુન્હેગાર થશે. વરવાળા તરફથી છાબ લઈ જનાર માણસોને કન્યાવાળાએ કાંઈ પણ આપવું નહિ પણ છાબમાં શ્રીફળ એક મુકવું.

૯. જે કોઈ પુરૂષ વીવાહ થએલી કન્યા એટલે સવેલી કન્યા પરણશે તે પરણનારને એટલે વરવાળાને તેજ પરણાવનાર એટલે કન્યાવાળાને બે વરસ ન્યાતના વ્યવહારથી શેઠ દૂર કરશે અને તે મુદત વીત્યાબાદ ગુન્હેગારોએ ન્યાતને અરજ કર્યેથી ન્યાતના શેઠ દરેક પાસેથી રૂ. ૭૫૧) તથા ન્યાતના દાપાના રૂપીઆ લઈ ન્યાતના વ્યવહારમાં દાખલ કરી શકશે.

૧૦. ભાણેખપતી કન્યા લાવવાની છુટ છે.

ગોરવ વગેરે.

૧. લગ્નના બીજે દિવસે કન્યાવાળાને ત્યાંથી વરવાળાને ત્યાં કન્યાને તેડવા જાય તેની સંખ્યા સાતથી વધારે રાખવી નહિ

ને તેડવા જનારમાંના મુખ્ય માણુસને વરવાળા રૂ. ૧) આપે અને કન્યાને માથા ગુંથામણીનો ગણી સાળુ એક રૂ. ૧૧) નો આપે ને બીજાઓને કાંઇ પણ આપવું નહિ.

૨. કન્યાવાળાને ત્યાંથી વરવાળાને ચોરીનો છોઠ એક જે આપવામાં આવે છે તે કન્યાવાળાએ વરવાળાને ત્યાં પહોંચાડવો. આનો અર્થ એ છે કે આંગુ મુકવા જવાનો જે રીવાજ છે તે આ ઠરાવથી બંધ છે.

૩. લગ્ન થયા પછી એટલે વરકન્યા પરણ્યા પછી બીજે દિવસે ગોરવ દેવામાં આવે છે તેમાં ઉત્કૃષ્ટા બે પંચોલા તથા એક ગોરવ કન્યાવાળાએ વરવાળાને જમાડવા, તેમાં પહેલા પંચોલામાં કન્યાવાળો વરવાળાને પંદર માથાથી વધારે નોતરે નહિ. એક ગોરવ જે કરવાનો તેમાં કન્યાવાળાઓ નાત કરવાનો હોય તો કન્યાવાળો વરવાળાને ૬૧ જણા સુધી ઉત્કૃષ્ટા નોતરે ને જો કન્યાવાળો નાત કરવાનો ન હોય તો ઉત્કૃષ્ટા ૮૧ જણા સુધી વરવાળાને કહે.

૪. બીજું પંચોળું કન્યાવાળો વરવાળાને ઉત્કૃષ્ટા ૧૫ જણાથી વધારેનું કહે નહિ.

સીખ.

૧. કન્યાવાળા તરફથી વરવાળાને વીદાયગીરીમાં જે રકમ તથા ચીજો બન્ને આપવામાં આવે છે તેને સીખ કહે છે. તે સીખમાં વરને પાઘડી ૧ વધારેમાં વધારે રૂ. ૧૫) ની આપવી. વર તરફથી જે ગૃહસ્થ વેવાહી થઇને આવે તેને વધારેમાં વધારે રૂ. ૧૧) આપવા અને વર તરફથી વેવાણ થઇને જે આવે તેને વધારેમાં વધારે રૂ. ૯) આપવા. વાડકામાંથી સીરસ્તા મુજબના રૂ. ૧I ઉપરાંત વધારેમાં વધારે રૂ. ૩૫) આપવા. કોઈ પણ કારણથી સીખ આપવાનો તેમજ ગોરવ જમવાનો પ્રસંગ ન આવે તો કન્યાવાળાએ થાળો, બાજોઠ વાડકો વિગેરે વરવાળાને ત્યાં પહોંચતાં કરવાં.

૨. સીખ વખતે સીખમાં હાજર રહેનારાઓનેજ કન્યાવાળાએ માથા દીઠ શ્રીફળ અગર ટકો ૧ આપવો. ઘેર રહેલાઓનું માગે તોપણ આપવું નહિ.

૩. વરના મહેતાજીને રૂ. ૧) કન્યાવાળાએ આપવો, વરના ઘાંચયજાને કન્યાવાળો રૂ. ૧) આપે અને કન્યાવાળાના ઘાંચજાને વરવાળા રૂ. ૦ાા આપે. વરના ઘાંચજાને તેલ આપવાનો રીવાજ બંધ કરવામાં આવે છે તથા ગોરને વરવાળા તરફથી રૂ. ૩) તથા કન્યાવાળા તરફથી રૂ. ૨) એમ મળી રૂ. ૫) આપવા.

૪. લગ્ન નિમીતના પરચુરણ દાપા બદલ વરવાળા કન્યાવાળાને રૂ. ૭ાા સામા ઉપેરટાના આપે તે શિવાય કાંઈ પણ આપવું નહિ. વરવાળા કન્યાવાળાને ચોરીના છોડનો રૂ. ૧ા આપે.

જમણવાર.

૧. શ્રીમંતના અંગે જમણવાર કરવો નહિ.

૨. મરણ પાછળ જમણવાર કરવો તે વાસ્તવિક નથી. છતાં કોઇને જમણવાર કરવો હોય તો તે બાબત નાતનો પ્રતીબંધ નથી પણ જમાડનારને ન્યાત વિનંતિ કરે છે કે તે ગૃહસ્થે ન્યાતના કેળવણી ફંડમાં સારી રકમ આપવી.

રોવા કુટવા વિગેરેની બાબત.

૧. કોઇ પણ માણસ ગુજરી જાય તેની કાણો માંડવાની બાબતમાં પુરૂષ ગુજરી ગયો હોય તો તેના સાસરાની તથા તેના સગા મોસાળની કાણ આવે, કદાપિ તેના સગા મોસાળમાં કોઈ ન હોય તો મોસાળ તરફની એકજ કાણ આવે અને સ્ત્રી ગુજરી ગઇ હોય તો તેના સાસરાની અથવા તે ગુજરનારનાજ પોતાના પીયરની કાણ આવે તે શિવાય મોસાળની બીજી કોઇ કાણ આવે નહિ; પરંતુ સ્ત્રીના પીયરમાં કોઇ ના હોય તો તેના પીયર તરફથી એકજ કાણ બીજે

ઠેકાણેથી આવે. કુંવારી છોકરી કે છોકરો ગુજરી ગયો હોય તો તે છોકરી કે છોકરાના પોતાનાજ મોસાળની કાણુ આવે. તે શિવાય કોઇ પણ કાણુ આવે નહિ.

૨. મરનારની લાસ રાત્રે બાળવાની ના હોય તો કાણો રાત્રે મરનારના ત્યાં લઇ જવી નહિ. કોઈ પણ માણુસ બહાર ગામ ગુજરી ગયું હોય તેની કાણુ માંડવામાં આવે તેમાં પુરૂષોએ નદીએ નહાવા નહિ જતાં પોળેથી વેરાઇ જવું. પરંતુ શહેરનું રહીશ બહારગામ ગુજરી ગયું હોય તો પુરૂષો નદીએ નહાવા જાય તેની અડચણુ નહિ.

૩. મરણુ પાછળ પુરૂષનું પાથરણું સુતક કાઢતા સુધી રાખવામાં આવે છે તે એક વખતનું સ્હવારનું રાખવું. બૈરાંનું પાથરણું માસ ૧ સુધી મોં ખમાવવા સુદ્ધાંતનું રાખવું. એથી વધારે રાખવું નહિ.

૪. મરણુની પાછળ શુભ ખાતે જે રકમ કહેલી હોય તેની ચોથ પાલીતાણુાના ખોડા ઢોરની જે શખસને ત્યાં ભરવાનું ન્યાતે ઠરાવેલું હોય તેને ત્યાં ભરી આવવા.

૫. મરણુના કારણુમાં કોઇ પણુ સ્ત્રીએ કોઇ પણુ વખતે ઉઘાડી છાતીએ કુટવું નહિ.

૬. મરણુ થયેલા માણુસની લાસ જે દિવસે બાળવામાં આવે તે દિવસે બૈરાંએ કુટવું; પરંતુ તે પછી કુટવું નહિ.

૭. શહેરનું રહીશ બહાર ગામ ગુજરી ગયું હોય તો તેની કાણુ જે દિવસે તેને ત્યાં માંડે તે દિવસે કુટવું તે પછીના કોઇપણુ દીવસે કુટવું નહિ.

૮. જે વીધવાએ વેષ રાખેલો હોય તે વીધવા જ્યારે વેષ ઉતારે ત્યારે વેષ ઉતાર્યાની ક્રિયા કરી રહ્યા પછી તે દિવસે બીજે વખતે તથા તે પછીના દિવસોએ બૈરાંઓએ ઊભા રહી કુટવું નહિ.

૯. પાથરણુ જેના ઘેર મુકવા જાય તે વખતથી તે પાથરણુ મુકતાં સુધીના વખત શિવાયના બીજા કોઇ પણ વખતે બૈરાંઓએ ઊભા રહી કુટવું નહિ.

૧૦. મરણના દિવસ શિવાયના બીજા કોઈ દિવસે પાથરણુ રાખતા સુધીમાં કોઈ કાણુ આવે તે કાણે આવનાર બૈરાં પાથરણાવાળાની પોળેથી કાણુની ક્રિયા કરતાં આવે તો તે કાણુ પુરી થતા સુધીના વખતે કુટવું. તે શિવાયના બાકીના કોઈ વખતે કુટવું નહિ.

૧૧. કોઇ પણ સખસનું મૃત્યુ થાય તે વખતે આપણામાં પાઘડીઓ અભડાવવામાં આવે છે તે બાબતમાં મૃત્યુવાળાને ત્યાંથી તથા તેને ઘેર જેની કાણુ આવવાની હોય તેને ત્યાંથી એ રીતે દરેકના ત્યાંથી એક પાઘડી અભડાવવાની છુટ છે. વધારે પાઘડીઓ અભડાવશે તે ન્યાતનો ગુન્હેગાર થશે.

ન્યાતનાં વાસણો બાબત.

ન્યાતમાંનો કોઈ પણ ગૃહસ્થ પોતાના ઉપયોગ માટે ન્યાતનાં વાસણો લઈ જાય ત્યારે તે પ્રથમ રૂા. ૨૫) વાસણ લઈ જવા પેટે શેઠને ત્યાં અનામત મુકે. વાસણ પુરેપુરાં આવેથી રૂા. ૨૫ શેઠ ગૃહસ્થને પાછા આપે પણ વખતે વાસણો ખુટતાં રહે તો નીચે લખ્યા પ્રમાણે કીમત ખુટતાં વાસણોના પૈસા કાપી લઇ પાછા આપે.

ટાટ નંગ ૧ ના રૂા. ૧–૪–૦ પ્રમાણે.

ડોઈ નંગ ૧ ના રૂા. ૧–૮–૦ પ્રમાણે.

કમંડળ નંગ ૧ ના રૂા. ૧–૮–૦ પ્રમાણે.

છાલીયાં અથવા વાઠકા નંગ ૧ ના રૂ. ૦–૪–૦ પ્રમાણે.

તાંબાની કથરોટ નંગ ૧ ના રૂા. ૪–૦–૦ પ્રમાણે.

વખતે ખુટતાં વાસણો ઉપરની પુરતી કીમત ના આપે તો લઇ જનાર ગૃહસ્થને વાસણો આપવાનો હક છે.

આપણી ન્યાત શીવાયનો કોઇ પણ ગૃહસ્થ પોતાના ઉપયોગ આપણી ન્યાતનાં વાસણો લઈ જાય તો તેની પાસેથી અનામત-ના રૂ. ૨૫ તે ગૃહસ્થ પાસેથી લેવા રોજનું ભાડાના રૂા. ૫ લેવા. ખુટતાં વાસણો માટે ઉપલો નિયમ લાગુ પડે છે.

ન્યાત એકઠી કરવા બાબત.

ન્યાતના ચાર ગૃહસ્થો ન્યાતના શેઠને ન્યાત એકઠી કરવા વિનતિ કરે ત્યારે શેઠે ન્યાત એકઠી કરવી.

એક સ્ત્રી છતાં બીજી સ્ત્રી કરવા બાબત.

કોઇ પણ પુરૂષે એક ઓરત હયાત છતાં બીજી ઓરત ન્યાતની પરવાનગી શિવાય કરવી નહિ.

હયાત ઓરતની પચીસ વરસની ઉમર થયા પછી અથવા તે પહેલાં બીજી ઓરત કરવાની પરવાનગી માગનારને નીચે લખેલાં કારણો ધ્યાનમાં લઇ તથા તપાસ કરી પરવાનગી આપવા ન્યાત મુખત્યાર છે.

(ક) પરવાનગી માગનારની ઓરત ગાંડી છે, અગર ઘર સંસાર ચલાવવા લાયક નથી અગર સંસાર વ્યવહાર રાખવાથી જોખમ ભરેલું છે તેની રજા માગનારે ખાત્રી કરી આપવી પડશે.

(ખ) સ્ત્રી સંસાર વ્યહવાર તજી છે એટલે તેણીએ ચોથું વ્રત ઉચર્યું છે એમ હોય તો તે બાબતની રજા માગનારે ખાત્રી કરી આપવી પડશે.

(ગ) ઉપર બતાવેલી હકીકતોને અભાવે સ્ત્રીની ત્રીસ વરસની ઉમર થઇ ગઇ હોય અને પુત્ર સંતાન ન હોય તેની રજા માગનારે ખાત્રી કરી આપવી પડશે.

ઉપર મુજબનાં કારણોનો તપાસ કરી ન્યાતને યોગ્ય લાગશે તો પુરૂષને બીજી ઓરત કરવાની પરવાનગી આપવા ન્યાત મુખત્યાર છે. પરંતુ પરવાનગી આપતા પહેલાં તેની પાસેથી પ્રથમની હયાત ઓરતના પલ્લાનો તથા ખોરાકી પોશાકીનો તથા રહેવાના મકાનનો

તથા જાત્રાનો તથા રાચરચીલા વિગેરેનો બંદોબસ્ત કરવો જોઈએ. આવા પ્રસંગે ખોરાકી પોશાકીની રકમ દર સાલની રૂ. ૧૦૦) અને તેથી વધારે નહિ તેવી રકમ ન્યાતની ધ્યાનમાં આવશે તે ઠરાવવામાં આવશે.

ન્યાતની પરવાનગી લીધા શિવાય એક ઉપર બીજી ઓરત કોઈ પણ પરણશે તો તેની ખબર પડેથી તે તુરત તે પરણનારને તથા કન્યા આપનારને ન્યાતના શેઠ ન્યાતના વ્યહવારથી દુર કરશે, તથા તે પ્રમાણે બીજી ઓરત કરનારને એક વરસ સુધી ન્યાતના વ્યહવારથી દુર રહેવું પડશે, તથા રૂા. ૨૫૧ ગુન્હેગારીના આપવા પડશે. પરંતુ ઉપર બતાવેલી એક વરસની મુદત અંદર અથવા પછી ન્યાતના વ્યવહારમાં દાખલ થવા તે અરજ કરશે અને ન્યાતને યોગ્ય કારણ જણાશે તો ગુન્હેગારીનો આંકડો ન્યાતની ધ્યાનમાં આવશે તેટલો ઠરાવી તેને ન્યાત વ્યવહારમાં દાખલ કરવાને ન્યાત મુખત્યાર છે. તથા કન્યા આપનારની ગુન્હેગારીનો આંકડો તે શખસે ન્યાતના વ્યવહારમાં દાખલ કરવાની અરજ કરેથી ન્યાતને યોગ્ય લાગશે તેટલો ઠરાવીને ન્યાતના વ્યવહારમાં દાખલ કરવાને ન્યાત મુખત્યાર છે.

બહારગામથી વર પરણવા આવે તે બાબત.

પરદેશથી જે ગૃહસ્થ વરને પરણાવવા આવે તે વરોઠી કરે તેને ન્યાત કહેવામાં આવે છે અને તેનું લહાણું આપવાનો રીવાજ આજથી કાયમ છે.

જે ન્યાત કરે તેણે પણ લહાણું આપવું તે આજથી કાયમ છે.

ન્યાતમાં દાખલ થવા બાબત.

આપણી ન્યાતમાં કોઈ પણ ગૃહસ્થ પરદેશથી અગર તો અમદાવાદમાંથી ભળવાને માગે અને વીસા શ્રીમાળી જાતના હોય તો તેમની પાસેથી રૂ. ૨૫ લઇ ન્યાતમાં તેમનું લહાણું તેમજ નોતરૂં દાખલ કરવું. પરંતુ આ કલમનો અમલ સંવત ૧૯૬૯ ના વૈશાખ સુદી ૧ થી શરૂ છે.